**દિવાની પરચુરણ અરજી નંબર : ૦૩ /૨૦૨૫**

–:: <u>આંક–૧ લગત હુકમ</u> ::–

અરજદારના વ.શ્રી.ને સાંભળ્યા અરજી ધ્યાને તથા વંચાણે લીધી.

અરજદારે હાલની અરજી રજુ કરી એવી હકિકત જણાવેલ છે કે, અરજદારના પિતા અશ્વિનકુમાર અમૃતલાલ બેલાણી નાંઓ તારીખ ૨૯–૧૧–૧૯૯૯ ના રોજ સુરેન્દ્રનગર મુકામે અવસાન પામેલ છે તેમજ અરજદાર ગુજરનારના કાયદેસરના વારસદાર થતા હોય તેથી અરજીમાં જણાવેલ સ્થાવર મીલ્કતનું (Immovable Property) હેરશીપ (heirship) સર્ટીફિકેટ Bombay Regulation મુજબ મેળવવા હાલની અરજી કરેલ છે.

હવે,જોઈએ તો શું સીવીલ કોર્ટને સ્થાવર મીલ્કતનું (Immovable Property) હેરશીપ (heirship) સર્ટીફિકેટ Bombay Regulation મુજબ આપવા સતા રહેલ છે કે કેમ? **તે અંગે જોઈએ તો નામદાર બોમ્બે હાઈકોર્ટે In Re Versus N.R. With Anthony Fernandes Versus N.R., 1992 (0) AIJEL-MH 118634 ના ચુકાદામાં નીચે મુજબના સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે જેની હેડનોટ નીચે મુજબ છે.**

> (a) Bombay Regulation VIII of 1827 - Clause 3 - heirship certificate - petition for issuance of heirship certificate by legal heirs of deceased - petitioners sought to establish their right to receive dues from employer following the death of the deceased - held, Bombay Regulation VIII of 1827 remains in force and High Court possesses jurisdiction to issue heirship certificates under said regulation - Bombay City Civil Court lacks jurisdiction in this matter - Prothonotary & Senior Master directed to process applications for issuance of necessary certificates expeditiously. (Paras 1, 18, 20)

(b) Indian Succession Act, 1925 - S. 390 - applicability - clarification on jurisdiction regarding issuance of heirship certificates under applicable laws - need for examination of legislative history and interpretation of terms used in regulations - held, provisions of Indian Succession Act, 1925 supplement those in Bombay Regulation VIII of 1827 regarding issuance of heirship certificates - definitions within both Acts must be harmoniously interpreted to ascertain jurisdictional authority. (Paras 12, 14)

(c) Code of Civil Procedure, 1908 - S. 2(4) - definition - determination whether High Court qualifies as a District Court for purposes outlined in relevant regulations and statutes - analysis required on definitions provided within various legal frameworks - held, High Court exercising ordinary original civil jurisdiction is deemed a District Court as per definitions provided in Code of Civil Procedure and relevant statutes; thus it can issue heirship certificates under Bombay Regulation VIII of 1827. (Paras 14, 15)

(d) Jurisdictional Authority - Bombay City Civil Court vs High Court - challenge against the maintainability of applications for heirship certificates filed before the wrong court due to lack of jurisdiction - held, Bombay City Civil Court is not a Zilla Court as defined under applicable regulations; therefore it cannot entertain applications for issuing heirship or executorship certificates; only the High Court holds such authority.

આમ ઉપરોકત ચુકાદામાંના સિધ્ધાંત ધ્યાને લેતા સીવીલ કોર્ટને સ્થાવર મીલ્કતનું (Immovable Property) હેરશીપ (heirship) સર્ટીફિકેટ Bombay Regulation મુજબ આપવાની સતા રહેલ નથી અને માત્ર હાઈકોર્ટ પાસે Bombay Regulation મુજબ સ્થાવર મીલ્કતનું (Immovable Property) હેરશીપ (heirship) સર્ટીફિકેટ આપવાની સતા રહેલ હોય જેથી હાલની અરજી મંજુર કરવા અત્રેની સીવીલ કોર્ટ પાસે કોઈ Jurisdiction રહેલ ન હોય તેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**– :: હુકમ ::–**

હાલની અરજી રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૩/૧૦/૨૦૨૫.
સ્થળ: સુરેન્દ્રનગર.

**(કાર્તિક મનુભાઈ આહિર)**
બીજા એડી. સીનીયર સીવીલ જજ,
સુરેન્દ્રનગર.
જજ કોડ નં. GJ01490